અપીલ અરજી નં.૪૭ તા.૨૨–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી ધનપાલભાઈ વકીલ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનપાલભાઈ વકીલની તા.૨૬–૩–૦૯ ની અરજીથી ફા.પ્લોટ નં.૧૮૩ સર્વે નં.૪૦૫/૪૦૬/૧ માં આવેલ રાધે એપાર્ટમેન્ટ ન્યુ. રાંદેર રોડ સુદામા હોટલ બિલ્ડીંગના પ્લાનની સુધારા વધારા સાથેની નકલ ,ઈમ્પેકટ ફી, ફેન્સીંગ વોલ બાંધકામ કરવાની મંજુર પ્લાનની નકલ, પાર્કીંગ, કાર્યવાહી અંગેની નોટીસ તથા નોંધ વિભાગ સહિતની વિગત આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૨–૫–'૦૯ ની અપીલ અરજી નં.૪૭/૨૦૦૯–૧૦

શ્રી ધનપાલભાઈ વકીલની તા.૨૬–૩–૦૯ ની અરજીથી ફા.પ્લોટ નં.૧૮૩ સર્વે નં.૪૦૫/૪૦૬/૧ માં આવેલ રાધે એપાર્ટમેન્ટ ન્યુ. રાંદેર રોડ સુદામા હોટલ બિલ્ડીંગના પ્લાનની સુધારા વધારા સાથેની નકલ ,ઈમ્પેકટ ફી, ફેન્સીંગ વોલ બાંધકામ કરવાની મંજુર પ્લાનની નકલ, પાર્કીંગ, કાર્યવાહી અંગેની નોટીસ તથા નોંધ વિભાગ સહિતની વિગત આપવા બાબતે માંગવામાં આવેલી માહિતી માંગ્યા મુજબની મળેલ નથી તથા અધૂરી અને અસંતોષકારક હોવાનું જણાવી એપેલેટ ઓફિસરને તા.૨૨–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૨૨ તા.૨૯–૫–૦૯ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલના આધાર અને વાજબીપણું કોઈ હોય તો તે રજૂ કરવા તથા જાહેર માહિતી અધિકારીના તા.૨૨–૪–૦૯ ના પત્રથી જણાવેલ વિગતે મુદ્દા નં.૨,૪૬,૭ ની માહિતી નિયત ફી ભરપાઈ કરીને મેળવેલ છે કે કેમ તે જણાવવા માટે અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને આજ દિન સુધી મળેલ નથી તથા અરજદાર તરફથી પણ અપીલ તબકકે આપવામાં આવેલ તક ના અનુસંધાને કોઈ પૂરક વિગતો પૂરી પડાયેલ નથી.

અરજદારની તા.૨૬–૩–૦૯ ની અરજીથી ફા.પ્લોટ નં.૧૮૩ સર્વે નં.૪૦૫/૪૦૬/૧ માં આવેલ રાધે એપાર્ટમેન્ટ ન્યુ. રાંદેર રોડ, સુરતના મુદ્દા નં.૧ રાધે એપાર્ટ. ના પ્લાનની નકલ મંજુર પ્લાન સાથે, મુદ્દા નં.૨ રીવાઈઝ પ્લાનની નકલ મુદ્દા નં.૩ ઈમ્પેકટ ફી લઈ જો કોઈ પ્લાન સુધારો કર્યો હોય તો તેની નકલ, મુદ્દા નં.૪ ફેન્સીંગ વોલની બાંધકામ કરવાની મંજુર પ્લાનની નકલ, મુદ્દા નં.૫ પાર્કીંગ બાબત સહ વિગતવાર વિગત નકશા સાથે , મુદ્દા નં.૬ ફેન્સીંગ વલો માટે રજૂ કરેલ તમામ પેપરોની નકલ, મુદ્દા નં.૭ રહીશો ધ્વારા કરાયેલ અરજી સંદર્ભે નોટીંગ સેકશન, મુદ્દા નં.૮ જો કોઈ કાર્યવાહી કરી હોય તો અથવા નોટીસ અપાઈ હોય તો તેની નકલ વિગેરની માહિતીની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આ.નં.૫૪ તા.૨૨–૪–૦૯ થી અરજદારને માહિતી પૂરી પડાયેલ છે. જેના અનુસધાને અરજદારે તા.૨૨–૫–૦૯ ના રોજ અપીલ અરજી કરી રાધે એપાર્ટ. ના પ્લાનની નકલ તથા ઈમ્પેકટ ફી ભર્યા બાદ પ્લાનમાં જો કોઈ ફેરફાર કરવામાં આવ્યો હતો તો તેની મંજુરી આપવામાં આવી હતી તેની સઘળી વિગત અને આવી ઈમ્પેકટ ફી કયા હેતુ માટે ભરપાઈ કરવામાં આવી તથા સુધારેલ મંજુર પ્લાનની નકલ તેમજ મુદ્દા નં.૧ થી ૮ ની વિગતો સંપૂર્ણ રીતે અધૂરી છે જેનાથી અમોને સંતોષ નથી તેવું જણાવેલ છે પરંતુ અપીલ તબકકે તક આપવા છતાં તે અંગે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.તથા અપીલ તબકકે અરજી ફી ભરી માહિતી મેળવવામાં આવેલ છે કે કેમ તેવી માહિતી અરજદાર કે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને મળેલ નથી.

જાહેર માહિતી અધિકારી તરફથી અરજીના નિકાલની જાણ માટે અત્રે મોકલેલ નકલ પરથી જણાય છે કે અરજદારની અરજીના મુદ્દા નં.૨,૪,૬ અને ૭ બાબતે તેમાં નિર્દિષ્ટ દસ્તાવેજ ફી અનુક્રમે રૂા.૭૨, રૂા.૩૬, રૂા.૧૫૪, અને રૂા.૧૬ ભરી મેળવી લેવા અરજદારને સૂચિત કરેલ જે અરજદારની મુળ અરજીથી તા.૨૬–૩–૦૯ થી દિન–૩૦ ની સમય અવધિમાં છે. અરજદારે આ માહિતી ફી ભરીને મેળવેલ છે કે કેમ? તેની કોઈ વિગત આપેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીની દસ્તાવેજ ફી ભર્યા બાદ નકલ પૂરી પાડવાની દર્શાવેલ તૈયારી ધ્યાને લેતાં આ મુદ્દાઓ અંગે માહિતીના ઈન્કારની કોઈ તકરાર ઉપસ્થિત થતી નથી તે જ રીતે મુદ્દા નં.૫ અંગે જાહેર માહિતી અધિકારીએ આ જ પત્રમાં જણાવ્યા અનુસાર નકશામાં પાર્કીંગ દર્શાવેલ છે અને ફી ભરી નકશાની નકલ મેળવી લેવા અરજદારને જણાવેલ છે જેથી આ મુદ્દા અંગે પણ તકરારને કોઈ સ્થાન નથી.

મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા સદર પત્રમાં જણાવેલ છે કે ટીડીઓ/૯૩૫ તા.૧૧–૨–૮૮ થી પ્લાન મંજુર કરવામાં આવેલ છે પ્લાનની નકલ ઉપલબ્ધ નથી. જયારે મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી બાબતે તે જ પત્રમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા વિવાદ હેઠળના ફા.પ્લોટ અને સર્વે નંબર માટે રીવાઈઝ પ્લાન મંજુર કરેલ હોવાની ઈમ્પેકટ ફી ભરપાઈ કરવામાં આવેલ હોવાની માહિતી આપેલ છે. આ મુદ્દા પરત્વે અરજદારની અપીલ તબકકે રજૂઆત " ઈમ્પેકટ ફી ભરવામાં આવી હોવાનું જણાવેલ છે તો શું કોઈ ડીઝાઈન પ્લાન વગર મંજુર અપાઈ" તે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા રીવાઈઝ પ્લાનની નકલ પૂરી પાડવાની તૈયારી

દર્શાવેલ છે જે બાબત ધ્યાને લેતાં રીવાઈઝ પ્લાન મંજુરી સાથે મુળ પ્લાનની નકલ દફતરે હોવાનું અનુમાનિત થાય. જયારે આ મુદ્દા પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા પ્લાનની નકલ ઉપલબ્ધ નહીં હોવા બાબતે દફતરના નિકાલ કે નાશ બાબતનું તથા મુદ્દા નં.૮ અંગે પણ કાર્યવાહી કે નોટીસની નકલ બાબતે આવી માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તે બાબતે રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહીં હોવાનું કોઈ કારણ અરજદારને જણાવેલ નથી કે કાર્યવાહી કર્યાની કે નહીં કર્યાની વિગતો બાબતે પણ કોઈ પ્રકાશ પાડેલ નથી. આમ મુદ્દા નં.૧ અને ૮ ની માહિતીના અનુમાનિત ઈન્કાર અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કલમ–૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવવામાં આવેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૩–૦૯ ની અરજીના મુદ્દા નં.૧ અને ૮ ની માહિતી બાબતે દિન–૭ ની અવધિમાં બાબત હેઠળના દફતરની તપાસણી પુરી પાડવા અને તેના અનુસંધાને અરજદાર જણાવે તે નકલો આરટીઆઈની કલમ–૭(૩) સાથે નિયમ(૫) હેઠળ જણાવેલ તપાસણી ફી અને દસ્તાવેજ ફી ભરપાઈ કરાવી અરજદારને પૂરી પાડવા અને તેની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

મુળ અરજીના મુદ્દા નં.૨ થી ૭ બાબતે ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે અરજદારની તકરાર ગ્રાહય રાખવામાં આવતી નથી. અરજદાર ઈચ્છુક હોય તો નિયત દસ્તાવેજ ફી ભરી સદર માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મેળવી લેવા સ્વતંત્ર છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૬ – ૦૯***

***ડે.કમિશ્નર(જનરલ)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, (રાંદેરઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધનપાલભાઈ વકીલ, બી/૩૦૧ રાધે એપાર્ટ.,સુદામા હોટલ ઉપર, ન્યુ. રાંદેર રોડ, સુરત.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.